આકાશવાણી, અમદાવાદ

10-03-2026 Midday: 2.30 to 2.35 pm

TUESDAY Regional News

## RUSHIKESH PATEL ON GAS SUPPLY

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્યમાં ગેસનો પૂરવઠો ખોરવાય નહીં તે માટે સરકાર આયોજન કરી રહી છે. લોકોના ઘરોમાં ગેસના બાટલા પહોંચે તે સરકારની પ્રાથમિકતા છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતા ગેસમાં 50 ટકા અને ખાતર કંપનીઓ તથા દૂધની ડેરીમાં ઉપયોગમાં લેવાતા ગેસમાં 40 ટકાનો કાપ મૂકાયો છે. જોકે, વાણિજ્યિક સિલિન્ડરમાં હજી સુધી કોઈ કાપ મુકાયો ન હોવાનું શ્રી પટેલે જણાવ્યું.

## VIDHANSABHA CRICKET TICKET ISSUE

વિધાનસભા ગૃહમાં આજે બજેટની માંગણી અંગેની ચર્ચા ચાલી રહી હતી..આ દરમિયાન ભાજપના ધારાસભ્ય અરવિંદ પટેલે ટી-20 ફાઈનલની ટિકિટ તેમને મળી ન હતી હોવાની રજૂઆત કરી હતી.. આ અંગે તેમણે પત્રકારો સાથે વાતચિત કરતાં કહ્યું હતું કે આ મુદ્દો તેમણે રમૂજ ખાતર ગૃહમા રજૂ કર્યો હતો.

આ મામલે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પોતાનો મત રજૂ કર્યો હતો.

## KUTCH CENTRAL GOVT JAHERAT

કચ્છમાં હાઈવે ટૂ હેવન માટે કેન્દ્ર સરકારે 650 કરોડ રૂપિયાથી વધુની રકમને મંજૂરી આપી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું કે, રાષ્ટ્રીય રાજમાર્ગ 754-કે-ના વિકાસ માટે કેન્દ્ર સરકારે આ રકમ ફાળવી છે. આ પરિયોજના હેઠળ ઘડુલી-સાંતલપુર રાષ્ટ્રીય રાજમાર્ગ બે માર્ગીય સાથે પૅવ્ડ શૉલ્ડર બનશે. આ સાથે જ લખપત, ઘડુલી, ઝારા, હાજીપીર, ખાવડા, કાંઢવાઢથી ધોળાવીરા સુધી 165.58 કિલોમીટરના માર્ગનું આધુનિકીકરણ કરાશે.

આ રાજમાર્ગના નિર્માણથી વિશ્વ પ્રસિદ્ધ રોડ ટૂ હેવન વધુ પહોળો અને સલામત બનશે. તેમજ રણોત્સવ સહિતની જગ્યાએ પ્રવાસન વધતા ટ્રાફિક અને અકસ્માતનું જોખમ પણ ઘટશે. ભારે

વાહનોની અવરજવર સરળ થતા વેપાર અને લૉજિસ્ટિક્સને ગતિ મળવાની સાથે લખપતથી ધોળાવીરા સુધીની કનેક્ટિવિટી પણ વધુ મજબૂત બનશે.

## LAKE AND AIR WATCH PAHEL

રાજ્યના શહેરોમાં તળાવ અને હવાની ગુણવત્તા સુધારવા ગુજરાત શહેરી વિકાસ અભિયાન – GUDM દ્વારા “લૅક ઍન્ડ ઍર વૉચ” પહેલ શરૂ કરાશે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હેઠળ 17 મહાનગરપાલિકા અને 152 નગરપાલિકા વિસ્તારમાં આ પહેલ અમલમાં મૂકાશે.

ઝડપથી વધી રહેલા શહેરીકરણના કારણે તળાવનું પ્રદૂષણ, પાણીની ગુણવત્તામાં ઘટાડો, ભૂગર્ભ જળના કુદરતી રિચાર્જમાં ઘટાડો અને ગીચ વિસ્તારમાં હવાની ગુણવત્તા પર અસર થઈ રહી છે. આ પડકારોને ધ્યાનમાં રાખી શરૂ થનારી આ પહેલ અંતર્ગત વિવિધ વિભાગમાં કાર્યરત્ નિરીક્ષણ વ્યવસ્થાઓને એકીકૃત કરાશે.

## ANAND SCHOOL LOKARPAN

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના રવિપુરા વાસણા-રાસ ગામે આવેલી પ્રાથમિક શાળામાં નવ નિર્મિત ઓરડાઓનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રી રમણ સોલંકીના હસ્તે ‘સમગ્ર શિક્ષા અભિયાન’ અંતર્ગત તૈયાર કરવામાં આવેલા બે નવા અત્યાધુનિક વર્ગખંડોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી રમણ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અને સુવિધાઓ મળે તે માટે કટિબદ્ધ છે. રવિપુરા શાળાના આ નવા વર્ગખંડોના નિર્માણથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ અનુકૂળ વાતાવરણ પ્રાપ્ત થશે. તેમણે રાજ્ય સરકારનો મુખ્ય ધ્યેય 'સૌ ભણે, સૌ આગળ વધે' છે તેમ કહી શાળાઓને ડિજિટલ અને માળખાગત રીતે સજ્જ કરવામાં આવી રહી છે તેમ જણાવ્યું હતું.

## આગ- ભરૂચ

ભરૂચમાં આવેલી  સરકારી કેમિકલ કંપની GNFCમાં  કામગીરી દરમ્યાન અકસ્માત સર્જાતા 8 કામદારો દાઝી જવાની ઘટના બની છે.

અમારા પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે પ્લાન્ટમાં ચાલી રહેલી પ્રક્રિયા દરમિયાન બોઈલરમાંથી અચાનક ગરમ રાખ ઉડી હતી જે  નજીકમાં કામ કરી રહેલા 8 કામદારોના સંપર્કમાં આવતા તેઓ દાઝી ગયા હતા.

ઈજાગ્રસ્ત કામદારોને તાત્કાલિક સારવાર માટે GNFCની હોસ્પિટલમાં  ખસેડડાયા  હતા. અકસ્માતની જાણ થતા ઔધ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરાઈ રહી છે.

## WOODBALL BRONZE MEDAL

રાજકોટનાં ખેલાડી યશવી ઉનડકટે ઑલ ઈન્ડિયા વુડબૉલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ગયા મહિને મધ્યપ્રદેશમાં યોજાયેલી આ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિદ્યાર્થિની યશવી ઉનડકટે સિંગલ સ્ટ્રૉક શ્રેણીમાં આ સિદ્દ્ધિ મેળવી છે. તેમની આ સિદ્દ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉક્ટર ઉત્પલ જોષી સહિતના આગેવાનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

## MAHISAGAR MAHILA SAMMELAN

મહીસાગરના લુણાવાડા ખાતે મહિલા સંમેલન યોજાયું. તેમાં જિલ્લામાં વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારી મહિલાઓ અને દિકરીઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જિલ્લા પંચાયત પ્રમુખ બાબુ પટેલે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા મહિલાઓને સશક્તિકરણ અને તેમના ઉચ્ચ સામાજિક સ્થાનને અનિવાર્ય ગણાવ્યું હતું.